



## અરવલ્લીમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી કરાતા ખેડૂતો ખુશ

ધનસુરા માર્કેટ કેન્દ્રમાં ખરીદી શરૂ કરતા ખેડૂતોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. અરવલ્લી જીલ્લામાં મગફળીની ખરીદી ૯૦૦ રૂપિયાના ભાવે શરૂ કરવામાં આવી છે. ધનસુરામાં ૩૨૫.૬ ક્વિન્ટલ ની ખરીદી કરાઈ છે. ધનસુરાના માર્કેટોમાં હાલ મગફળીની ખરીદીથી ઉભરાયું છે. ખેડૂતોએ મગફળીની ખરીદી માટે આધારકાર્ડ, ૨-૭/૧૨ અને ૮/અ (ખરીફ ૨૦૧૭/૧૮)ના ઉતારા, મગફળીની વાવણીનું પાણીપત્રક (ખરીફ ૨૦૧૭/૧૮) અથવા ગ્રામ પંચાયતનો દાખલો, તલાટીના સહી-સિક્કા સાથે, ખેડૂતોનો કેન્સલ ચેક અને પાસબુક લાવવાના રહેશે.

# મોડાસા વણકર સમાજનો સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સ્વર્ણિમ બંગ્લોઝ નજીક



રવિવારે દબંગ ગ્રુપ તરીકે જાણીતા યુવાનોની ટીમ દ્વારા મોડાસા પ્રદેશ વણકર સમાજનો નૂતનવર્ષા નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ અને સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ સહીત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસાના માલપુર રોડ પર આવેલા સ્વર્ણિમ બંગ્લોઝ પાસે રવિવારે સવારે દબંગ ગ્રુપ આયોજિત મોડાસા પ્રદેશ વણકર સમાજનો નૂતનવર્ષ નીમીત્તે સ્નેહમિલન કાર્યક્રમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઉપાધ્યક્ષ અને પૂર્વ રાજ્ય શિક્ષણમંત્રી કરસનદાસ સોનેરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે રુચિરભાઈ એન્જીનીયર (રીટા, ચીફ એન્જી. યુજીવીસીએલ), બી.કે.ચાવડા, ડૉ. કમલેશ પરીખ (એમડી, ગાયનેક), અમૃતભાઈ અણીયોર (કસ્ટમ ઓફિસર), એલ.પી. બુટાલા અને પંકજ પ્રણામી ( એ.જી.એમ એસ.બી.આઈ) સહીત સમાજના અગ્રણીઓ અને યુવાઓ અને મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દરેક લોકોએ નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી તદુપરાંત સમાજના તેજસ્વી યુવાનો અને યુવતીઓ તબીબીક્ષેત્રે, એન્જીનીયરીંગ ક્ષેત્રે અને જીપીએસસી પાસ કરી હોય અને અન્ય સરકારી નોકરી પ્રાપ્ત કરનારને મોમેન્ટો આપી સન્માન કરી અભ્યાસમાં અગ્રેસર રહેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

# મોડાસામાં જી.આઈ.ડી.સી.ની કોતરોમાં જુગાર રમતા ૪ શકુનિઓ ઝડપાયા

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જુગારની બદી ફૂલી ફાલી છે મોડાસામાં યુવાધનને બરબાદીના પંથે ધકેલતી આંકડાની અને પત્તા પાના પર રમાડતો હારજીતનો કાળો કારોબાર ઠેર ઠેર ધમધમી રહ્યો છે. મોડાસાના બસ સ્ટેન્ડ વિસ્તાર, કડીયાવાડા રોડ પર શાકભાજીના કેબિનો પાછળ, મોડાસા ચાર રસ્તા પર આંકડા લખતી એક દુકાન, કસ્બા, કોલેજ રોડ પર આવેલા ખાડા સહીત અનેક વિસ્તરોમાં ખુલ્લેઆમ જુગારના અડ્ડા ધમધમી રહ્યા છે. બીજી બાજુ મોડાસા ટાઉન પોલીસ, જિલ્લા એલ.સી.બી અને એસ.ઓ.જી સહીત જિલ્લા પોલીસતંત્ર 'કોખમાં છોરૂ અને ગામ માં શોધું'ની કહેવત મુજબ કામગીરી કરતી હોય તેમ મોટી માછલીઓને બદલે નાની માછલીઓ શોધવા મથતી હોય તેમની કામગીરીથી લોકોના મનમાં અનેક પ્રશ્નો ઉદ્ભવી રહ્યા છે. રવિવારે સાંજના સુમારે મોડાસા ટાઉન પોલીસે મોડાસાના ગણેશપુરા વિસ્તારમાં આવેલી જી.આઈ.ડી.સી.ની પાછળ આવેલી કોતરોના કિનારે ખુલ્લામા જુગાર રમતા ૪ શકુનિઓ ઝડપી પાડી ૧૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રવિવારે સાંજના ૬ વાગ્યાના સુમારે મોડાસા ટાઉન પોલીસે મોડાસાની જી.આઈ.ડી.સી. પાછળ આવેલી કોતરોના કિનારે ખુલ્લામાં ખુલ્લી જગ્યામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર પત્તા પાનાંનો હારજીતનો રોકડા રૂપિયાથી જુગાર રમતા જાકીર સલીમભાઈ બાંડી(ઉં. વર્ષ-૨૫) રહે. ૦૩ સહારા સોસાયટી, ગનીભાઈ હિમ્મતભાઈ સુથાર (ઉં.વર્ષ-૫૨) રહે. ૭૨, એલાયન્સનગર, મહમ્મદ સલીમ મહમ્મદ વીજાણીયા (મકરાણી) (ઉં. વર્ષ-૪૦) રહે. ઘાંચી આરોગ્ય કેન્દ્રની પાસે. કાદરભાઈ ગફૂરભાઈ મનવા (ઉં. વર્ષ-૬૨) રહે. ભાવસારવાડાના નાકે, ખાડિયા તમામ રહે, મોડાસા (અરવલ્લી)ને ઝડપી પાડી દાવ પર લગાડેલા રોકડા રૂપિયા ૧૫૦૦ અને ગંજીફાનાં પાના કિં. રૂ.૦૦ મળી કુલ ૧૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી ૪ શકુનિઓ સામે જુગારધારા કલમ ૧૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## કાંકરેજ તાલુકાના રણાવાડા(જા) ગામે મંડપ ભરવાના ગોડાઉનમાં આગ

કાંકરેજ, તા. ૩૦

કાંકરેજ તાલુકાના રણાવાડા જાગીર ગામે આવેલ મેલડી મંડપ ડેકોરેશનનું ગોડાઉન આવેલ છે. ત્યાં કોઈ શોર્ટસર્કીટના કારણથી આગ



લાગવાની ઘટના બનતા લોકોના ટોળેટોળા એકઠા થઈ જવા પામ્યા હતા અને ગોડાઉનમાં રહેલો ડેકોરેશનનો સામાન અંદાજે ચારથી પાંચ લાખનો બળીને ખાખ થઈ જવા પામ્યો હતો. જો કે થરા ફાયર ફાઈટરને જાણ કરતા થરાનગર પાલિકાના ફાયર ફાઈટરમેન અરવિંદ મકવાણા અને ડ્રાઈવર હરજીભાઈ પોતાની ટીમ સાથે રણાવાડા (જા) ગામે ઘટનાસ્થળ ઉપર આવી આગ બુઝાવી હતી અને મોટા પ્રમાણમાં પાણીનો મારો ચલાવ્યા બાદ આગ કાબુમાં આવી હતી. આજુબાજુના લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જો કે ગોડાઉન થોડા દૂર હોવાથી કોઈ જાનહાનિ થવા પામી ન હતી. પરંતુ ગોડાઉન માલીક રાવલ સંજયકુમાર મફતલાલ (મેલડીમંડપ)વાળાને ૪ થી ૫ લાખ રૂપિયાનું નુકશાન વેઠવા વારો આવ્યો હતો. આમ કાંકરેજના રણાવાડા (જા) ગામે અચાનક ગોડાઉનમાં આગ લાગવાની ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતા લોકો ઘટનાસ્થળ ઉપર જઈ સમાચાર મેળવ્યા હતા. જો કે આગ અંદરના ભાગમાં હોવાથી કોઈપણ વ્યક્તિને અંદર પ્રવેશ આપવામાં આવ્યો ન હતો અને થરા નગરપાલિકા ફાયર ફાઈટરની ટીમે આગ કાબુ કરી હતી.

## વિરમગામ ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિનું સ્નેહમિલન



વિરમગામ ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિનું નૂતન વર્ષ સ્નેહ સંમેલન યોજાયેલ હતો. જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવેલ તથા વરિષ્ઠ સભ્યોને સન્માનિત કરવામાં આવ્યા. ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી સુંદરસિંહ ભંડારી તથા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દ્વારા પુરસ્કૃત થયેલ ચંદ્રકાંત મોતીલાલ શુકલ, ન્યાયાલયના નિવૃત્ત રજિસ્ટ્રાર નિલકંઠભાઈ મુકુંદરાય વ્યાસ, સેવાભાવી કાર્યકર કિરિટભાઈ કાંતિભાઈ રાવલ વિષે જાણીતા કવિ લેખક વિવેચક ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી પ્રફુલ્લભાઈ રાવલ દ્વારા સન્માન કરેલ હતુ.



## હિંમતનગરમાં દેશના વિવિધ પ્રદેશના લોકોએ પ્રાણનાથજી મંદિરની મુલાકાત લીધી

વડોદરામાં આવેલ નિજાનંદ આશ્રમમાં જાગણી અભિયાન પરીવાર દ્વારા બાળ અને યુવા શિબીરનું આયોજન કરવામાં આવેલ જેમાં દેશના આસામ, મણીપુર, નાગાલેન્ડ તેમજ નેપાળ સહિત દેશ-પ્રદેશના પ્રણામી સંપ્રદાયના લોકોએ ભાગ લીધો હતો. આજ ધાર્મીક ભક્તો દ્વારા સાબરકાંઠા જિલ્લાના પ્રાણનાથજી મંદિરોમાં પણ મુલાકાત લીધી હતી. હિંમતનગર સ્થિત પ્રાણનાથજી મંદિરમાં સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલે તેઓનું સ્વાગત કર્યુ હતુ. જેમાં નરેશભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ તથા સમાજના અગ્રણીઓ જોડાયા હતા.

# મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારીએ મિડીયા સેન્ટરનો પ્રારંભ કરાવ્યો

મહેસાણા, તા. ૩૦

ભારતનાં ચૂંટણીપંચ તરફથી વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ મહેસાણા જિલ્લામાં ૧૪ ડિસેમ્બરે યોજાનાર છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પારદર્શક રીતે સંપન્ન થાય, મતદારોને ચૂંટણી સબંધિત તમામ માહિતી સહેલાઈથી મળી રહે. તેવા ઉમદા હેતુથી જીલ્લા ચૂંટણીતંત્ર-અને જીલ્લા માહિતી કચેરી મહેસાણાના સંયુક્ત ઉપક્રમે જિલ્લા ચૂંટણી અધિકારી એચ.કે. પટેલના હસ્તે માહિતી કચેરી મહેસાણા ખાતે મિડીયા સેન્ટરનો પ્રારંભ કરાયો છે.



ચૂંટણી પક્રિયા દરમિયાન માધ્યમોને માહિતી મળી રહે તેમજ માધ્યમોને ચૂંટણી સબંધિત પરિપત્રો, સુચનાઓ, ચૂંટણીના અગત્યના નંબરો, મતદારો, મતદાન મથકો, ચૂંટણી સબંધિત ટીમો સહિતની માહિતી માટે જિલ્લા માહિતી કચેરીની મિડીયા મેનેજમેન્ટ ટીમ દ્વારા મિડીયા સેન્ટર ઉભું કરાયું છે.

જિલ્લા કલેકટરે મિડીયા સેન્ટરથી પ્રભાવિત થતાં જણાવ્યું હતું કે પ્રદર્શન એકમમાં તમામ માહિતીનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત ચૂંટણી સબંધિત અપડેટ તમામ માહિતી પણ મિડીયા સેન્ટરમાં મુકવા સુચન કર્યું હતું.

જિલ્લા કલેકટરે એચ.કે. પટેલે વધુમાં જણાવ્યું હતું કે ચૂંટણીપંચ દ્વારા એક પણ મતદાર રહી ન જાય તેવું સ્લોગન અપાયું છે. જિલ્લામાં મતદાન જાગૃતિ અને મતદારોનું નામ મતદાર યાદીમાં હોવા અંગેની પણ જાગૃતિ લાવવા સુચન કર્યું હતું.

જિલ્લામાં ચૂંટણી તંત્ર તરફથી મતદારોને જાગૃત કરવાની પ્રવૃતિ અંગેની માહિતી આપી આ સેન્ટરમાં સામાન્ય નાગરીકો પણ કચેરી સમય દરમ્યાન મુલાકાત લઈ શકશે તેમ જણાવ્યું હતું.

મિડીયા સેન્ટરમાં વિધાનસભા ચૂંટણી માહિતી, સંપર્ક નંબરો, વેબસાઈટની માહિતી, જિલ્લામાં મતદારોની માહિતી, આચાર સંહિતાના પરિપત્રો, જિલ્લામાં કાર્યરત વિવિધ નોડલ અધિકારીઓના નંબરો, એફ.એસ.ટી ટીમોના નંબરો, ચૂંટણી પ્રક્રિયાની તારીખો, ઈમરજન્સી નંબરો, પ્રેસ કાઉન્સીલ દ્વારા જાહેર કરેલ માધ્યમો માટેની સુચનાઓ, વીવીપેટ નિદર્શન માહિતી સહિતની વિવિધ માહિતી સભર પ્રદર્શન તૈયાર કરાયું છે.

## આત્મનાદ ● ૪ પાનાનું ચાલુ...

ઉપરાંત મેઈલ, ચેટ, કેલેન્ડર, પ્લાનિંગ વગેરે જેવી સુવિધા સિંગલ એકાઉન્ટ ઉપરથી આ સોફ્ટવેર આપે છે.

● એગેવના ઓનલાઈન ફોટો એડિટર બેસિક ઈમેજ એડજસ્ટમેન્ટ માટે http://photoshop.com/editro ઉપયોગી છે. આ સોફ્ટવેરથી બેસિક એડિટિંગમાં ફોટા રીસાઈઝ, રોટેડ વગેરે જેવા કામ આસાનીથી કરી શકાય છે.

પહેલા કોમ્પ્યુટર પછી ઈન્ટરનેટ પછી મોબાઈલ અને એ પછી મોબાઈલ એપ એટલે કે નવા નવા સોફ્ટવેરથી દુનિયા આખી ખૂબ ઝડપી અને જોરદાર બની ગઈ છે. બારી ઉપર બેસીને ચકલીનું ચીંચીં કે કોયલનું કુકુ કે મોરના ટેહુંક ટેહુંક સાંભળવા રૂબરૂ જવાની જરીર નથી. મોબાઈલમાં રીંગટોન કે કોમ્પ્યુટરમાં વિડીયો કે ઓડિયો ફિલ્મ આનો આનંદ પીરસી દે છે. બદલાતા જતા ત્રીજા વિશ્વમાં કોમ્પ્યુટર, મોબાઈલ અને ઈન્ટરનેટ ત્રિદેવની શક્તિઓ આખી દુનિયાને ધમરોળી રહી છે.

*ધબકાર :*

એક ખૂબ મોટા મગજના એક બીજાથી જોડાયેલા ચેતા કોષોની જેમ આપણે બધા ઈન્ટરનેટ દ્વારા જોડાઈ ગયા છીએ

- સ્ટીફન હોકિંગ

# કોંગ્રેસના રોડ પર રોડ શો, ભાજપ પર ચાબખા

મહેસાણા જિલ્લો એટલે રાજકીય લેબોટરી. અને એજ લેબોટરીમાં દિવાળી બાદ પ્રથમ કોંગ્રેસના જિલ્લાકક્ષાના સ્નેહમિલન





સમારોહ રોડ પર કરીને લોકોની વચ્ચે જવાનો કોંગ્રેસે પ્રયાસ કર્યો હતો. જ્યારે રાજકીય આગેવાનોએ ભાજપ પર ચાબખા માર્યા હતા અને મોદી સરકારના કારણે ઘરમાં ૮ નાદ નાખવા પડે તેવી કટાક્ષ જયરાજસિંહ પરમારે કરી હતી. તો વર્ષા ગાયકવાડે મોદી સરકાર અને રાજ્ય સરકાર સામે ચાબખા મારીને બાળકોના ઓટ સહિતના મુદ્દે મોદી સરકારને આડા હાથે લીધી હતી.

મહેસાણામાં રંજનના ઢાળમાં કોંગ્રેસના યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જયરાજસિંહ પરમારે મોદી સરકારને આડા હાથે લેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમની જીપ લાપસી જવા ગઈ હતી જેમાં કોંગ્રેસના પ્રવક્તા જયરાજસિંહ પરમારે કહ્યું હતું કે આ જગ્યા પરથી જ મોદીએ ભાષણમાં કહ્યું હતું કે ઘરની ચકલી ચાલુ કરજો ઓઈલ આવશે... જો આજ રીતે મોદીએ કરેલ વાક્ય પુરા કરેલ વાક્ય પુરા થતા તો આજે ઘરમાં ૮ નળ નાખવાની ફરજ પડતી. જો મોદી સરકાર આવશે તો એવી હવા ભરવામાં આવી હતી કે મોદી સરકાર દરિયાના પાણીને ખારા કરી દેશે અને ભૂલ બાદ દરિયાના પાણી મીઠા કરી દેશે તેમ જણાવ્યુ હતુ અને પ્રવક્તાની જીભ સતેજ પર લાપશી હતી અને પ્રવક્તા જયરાજસિંહ પરમારે મોદી સરકાર પર ચાબખા જયરાજસિંહ પરમાર પ્રવક્તા કોંગ્રેસે માર્યા હતા. હવે કોંગ્રેસ આવે છે કે નિયમને લઈને હવે કોંગ્રેસે કમર કશી છે જેને લઈ રોડ પર જ સ્નેહમિલન દિવાળી બાદ કરવામાં આવ્યુ હતુ. જેમાં ઉત્તર ગુજરાત કોંગ્રેસના પ્રભારી વર્ષાબેન ગાયકવાડે અમદાવાદ સિવિલમાં થયેલા નવજાત બાળકોના મોત મામલે સરકારની નિષ્ફળતાનો આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું કે કુપોષણ હોય તો તે દૂર કરવાની સરકારની જવાબદારી છે. એક દિવસમાં ૯-૯ બાળકોના મોત થયા છે. સરકાર કુપોષણ દૂર કરવામાં નિષ્ફળ રહી છે. કાર્યક્રમમાં પ્રદેશ પ્રવક્તા જયરાજસિંહ પરમાર, પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલ, અલકાબેન ક્ષત્રિય, જિલ્લા પ્રમુખ કિર્તિસિંહ ઝાલા, માનસિંહ ઠાકોર સહિત પક્ષના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ભાજપ તેમજ સરકાર સામે ચાબખા માર્યા હતા. ભાજપને આડે હાથે લીધી હતી. જ્યારે રોડ પર જ સ્નેહમિલન કરવાનું કારણ એ છે કે કોંગ્રેસ આવે છે અને કોંગ્રેસ લોકોની વચ્ચે રહેવા માંગે છે તે માટેનો આ પ્રયાસ છે.

વર્ષાબેન ગાયકવાડે ગુજરાત કોંગ્રેસના પ્રભારીએ જણાવ્યુંહતું કે એક તરફ ચૂંટણીને લઈને દરેક પક્ષોએ પોતાની કમર કસી છે અને હવે કોંગ્રેસ લોકોની વચ્ચે રહીને રોડ પર જ સ્નેહ મિલન કરી રહી છે. જે જોતા આગામી સમયમાં કોંગ્રેસ રોડ પર જ રહે છે કે પછી ગાંધીનગ એ વિવિપેટ મશીન જ જવાબ ૧૮ તારીખે આપશે તેમાં નવાઈ નહી.